૫/૫૫

અનુસૂચિત / અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ તથા નાગરીક હક્ક સંરક્ષણ અધિનિયમ-૧૯૫૫ ના અસરકારક અમલ માટે જાગૃકતા કેન્દ્રો ખોલવા બાબત. (સીએસકે-૫૭-નાગરીક રેલ.)

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: હસલ-૩૧૯૯-૨૫૨૧-હ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૬-૧૦-૨૦૧૦

વંચાણે લીધો:- ભારત સરકારના કલ્યાણ મંત્રાલયના જાહેરનામા ક્રમાંક જીએસઆર-૩૧૬-તા. ૧-૩-૯૫ થી અમલમાં મુકેલ અનુસૂચિત જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો ૧૯૯૫.

ઠરાવ:

અનુસૂચિતજાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ - ૧૯૮૯ તથા નાગરીક હક્ક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ ના અસરકારક અમલ માટે અનુસૂચિતજાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ ની કલમ ૨૩ ની પેટા કલમ (૧) હેઠળ ભારત સરકારની રૂએ ઘડવામાં આવેલ અનુ. જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો ૧૯૯૫ ના નિયમ ૩(૨) અને ૩(૯) અન્વયે આ કાયદાનો અસરકારક અમલ થાય તથા અનુસૂચિત જાતિના લોકોમાં આ કાયદાઓની વિસ્તૃત સમજ આપી શકાય તે હેતુથી કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ જાગૃકતા કેન્દ્રો શરૂ કરવાની રૂા.૨.૫૫ લાખની નવી બાબતની દરખાસ્ત મંજૂરી અર્થે નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા સરકારશ્રીને મોકલી હતી. આ બાબતમાં ૧૭ જિલ્લાઓમાં જાગૃકતા કેન્દ્રો બીનસરકારી સ્વૈચ્છીક સંગઠનો દ્વારા સ્થાપવાની અને તેમાં પ્રત્યેકને રૂા.૧૫,૦૦૦/-સુધીનું અનુદાન આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે નીચે જણાવેલ ૧૭ જીલ્લાઓમાં માન્ય બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પ્રત્યેક સંસ્થા દીઠ રૂા.૧૫,૦૦૦/-લેખે રૂા.૨.૫૫ લાખના ખર્ચે ૧૭ જાગૃકતા કેન્દ્રો ખોલવા અંગે આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) અમદાવાદ (૨) વડોદરા (૩)ખેડા (૪)ગોધરા (૫)ભરૂચ (૬)સુરત (૭)મહેસાણા (૮)સુરેન્દ્રનગર (૯)ભાવનગર (૧૦)અમરેલી (૧૧)રાજકોટ (૧૨)જુનાગઢ (૧૩)જામનગર (૧૪)પોરબંદર (૧૫)કચ્છ (૧૬)સાબરકાંઠા (૧૭)બનાસકાંઠા.

૩. પ્રસ્તુત જાગૃકતા કેન્દ્રો માન્ય બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત શરૂ કરવાના રહેશે. પ્રત્યેક કેન્દ્રમાં ઓછામાં ઓછા ૫૦ વ્યક્તિઓ અને વધુમાં વધુ ૧૦૦ વ્યક્તિઓની શીબીર યોજવાની રહેશે. શીબીર બે દિવસ સુધી ચલાવવાની રહેશે.

૪. આ જાગૃકતા કેન્દ્રોમાં સરપંચો, તલાટીઓ, ગ્રામસેવકો, ન્યાય સમિતિના ચેરમેનશ્રીઓ, પંચાયતના સભ્યો, વકીલો, ડોકટરો, શિક્ષકો, પ્રોફેસરો તથા અન્ય પદાધિકારીઓને નિમંત્રણ આપી શીબીરનું આયોજન કરવાનું રહેશે. આ શીબીરમાં શિબિરાર્થીઓને અનુસૂચિત જાતિ [illegible] અત્યાચારો અને બનાવો બાબતે સાથે વિચારણા કરી તેની વિગત અને ઉપાયો સુચવવાના રહેશે અને [illegible] ભાવનાને શુભ કરવી શોધી દૂર કરવાના ઉપાયો સુચવવાના રહેશે.

૫. જાગરુકતા કેન્દ્રો ખોલવાની યોજનાનો અમલ નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણએ કરવાનો રહેશે અને સંબંધિત જીલ્લાના જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ આ અંગેની સઘળી કાર્યવાહી કરવાની રહેશે. આ જાગરુકતા કેન્દ્રો તેમજ યોજવામાં આવેલી શિબીરોનો વખતોવખતનો સંપુર્ણ અહેવાલ નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણને મોકલવાનો રહેશે અને તેઓશ્રીએ તેમના રીમાર્કસ સાથેનો તેમનો અહેવાલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને મોકલવાનો રહેશે. પ્રસ્તુત યોજનાનો અમલ કરવા માટે કોઈપણ કચેરી હેઠળ કોઈપણ સંવર્ગનું મહેકમ મળવાપાત્ર થશે નહી તેમજ પ્રસ્તુત યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ હોઈ રુ.૧,૨૭,૫૦૦/-પ્લાન સદરે અને રુ.૧,૨૭,૫૦૦/-નોનપ્લાન સદરે જોગવાઈ કરવામાં આવેલ હોઈ પ્રથમ પ્લાન સદર હેઠળની રુ.૧,૨૭,૫૦૦/-ની જોગવાઈની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે અને બાકીની રુ.૧,૨૭,૫૦૦/- ની જોગવાઈનો ભારત સરકાર તરફથી રકમ મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

૬. પ્રસ્તુત યોજનાનો ખર્ચ "બજેટ સદર કેન્દ્ર પુરસ્કૃત યોજના માંગણી નં. ૯૩, મુખ્ય સદર -૨૨૨૫-અનુસુચિત જાતિઓ/અનુ.આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ -પેટાસદર (૬) બીસીકે-૫૭ નાગરીક સેલ" હેઠળ ઉધારવાનું રહેશે અને સને ૨૦૦૦-૨૦૦૧ની મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે.

૭. પ્રસ્તુત હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૧૪-૮-૨૦૦૦ની અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ.એમ.પરમાર)
નાયબસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ગુજરાત સરકાર

રવાના કર્યું
તા.........

પ્રતિ,

× રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
મા.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન.ના.મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી ,સચિવાલય,ગાંધીનગર.
નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત,અમદાવાદ/રાજકોટ.
પે એન્ડ એકાઉન્ટસ ઓફિસર ,અમદાવાદ/ગાંધીનગર
રેસીડેન્ટ ઓડીટ ઓફીસર,અમદાવાદ/ગાંધીનગર
તિજોરી અધિકારીશ્રી, (સર્વે).
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, વર્ગ-૧.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાય
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
આ વિભાગની સર્વે શાખાઓ.
પસંદગીની ફાઈલ.

---

× પત્ર દ્વારા.